
# પુરૂષોત્તમ માસ અને રમઝાન માસ એક સાથે આવવાથી ફળોના ભાવમાં વધારો

## ઉપવાસના માસમાં ફળોની માંગમાં વધારો થવાથી વેપારીઓએ ભાવ વધાર્યો : દરેક ફળની કિંમતોમાં ૧૦ થી ૨૫ રૂપિયા સુધીનો ભાવ વધારો નોંધાયો


(તસવીર : કશ્યપ નિમાવત)




ગાંધીનગર, તા. ૧૭

આજથી હિન્દુઓના પવિત્ર પુરૂષોત્તમ માસનો પ્રારંભ થઈ ચુક્યો છે તો સાથે જ મુસ્લિમોની શ્રદ્ધાના સ્ત્રોત સમા પવિત્ર રમઝાન માસનો પણ પ્રારંભ થયો છે. યોગાનુયોગ સાથે આવેલા આ માસમાં ઉપવાસનો ખુબ મહિમા છે. શ્રધ્ધાળુઓ ઉપવાસ કરે છે ત્યારે અન્નનો ત્યાગ કરે છે. તેની સામે ફળાહારનું પ્રમાણ વધે છે. જેના કારણે વિવિધ ફળોની માંગમાં ખૂબ વધારો થવા પામ્યો છે. ફળોની માંગના કારણે ભાવોમાં પણ ધરખમ વધારો નોંધાઈ રહ્યો છે.

ગાંધીનગરના બજારોમાં ફળફળાદિની માંગમાં પુરૂષોત્તમ માસ અને રમઝાન માસના પ્રારંભે જ ઉછાળો આવતા ફળોની કિંમતોમાં પણ ખાસ્સો વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા ત્રણ માસથી કેરીની સીઝન ચાલી રહી હતી અને કેરીનો ખૂબ મોટો સ્ટોક બજારોમાં ઠલવાયો હતો. જેના કારણે કેરીના ભાવ દિવસે ને દિવસે નીચા જઈ રહ્યા હતા. પરંતુ હવે ઉપવાસના મહિનાના પ્રતાપે વેપારીઓએ કેરીના ભાવમાં પણ વધારો કરી દીધો છે. કેરીની સાથે સાથે બજારમાં નાળિયેર, ચીકુ, કેળા, દાડમ,સફરજન, જાંબુ, તડબુચ વગેરેની માંગમાં પણ વધારો થવાથી તેના ભાવો પણ વધવા પામ્યા છે.

હાલ બજારમાં કેરીના કિલોનો ભાવ જે ૩૦ થી ૪૦ રૂપિયા હતો તે વધીને ૬૦ થી ૭૦ રૂપિયા થઈ જવા પામ્યો છે. આ ઉપરાંત સફરજન ૨૦૦ રૂપિયે કિલો, કેળા એક ડઝનના ૪૦ રૂપિયા, લીલા નાળિયેરના નંગ દીઠ ૩૦ રૂપિયા, તડબુચ ૨૦ થી ૨૫ રૂપિયે કિલો, જાંબુ ૪૦ રૂપિયે કિલો, ચીકુ ૩૦ થઈ ૪૦, દાડમ ૧૦૦ રૂપિયાથી ૧૨૦ રૂપિયે કિલોનો ભાવ ચાલી રહ્યો છે. લગભગ તમામ ફળોના ભાવમાં ૧૦ થી ૨૫ રૂપિયા સુધીનો વધારો નોંધાવા પામ્યો છે. પુરૂષોત્તમ માસ અને રમઝાન માસમાં ફળોનો ઉપાડ વધુ રહેવા પામશે પરંતુ શ્રદ્ધાળુઓને ઉપવાસમાં આ માસમાં ફળાહાર મોંઘુ પડવા પામશે.

# રાજ્યમાં છેલ્લા છ માસમાં બે તબક્કામાં રૂ. ૨૬૩૦ કરોડના ૫૮૪૯ વિકાસ કામો સંપન્ન

ગાંધીનગર, તા. ૧૭

ગતીશિલ ગુજરાતના સ્વપ્રદ્રષ્ટા અને ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે વણથંભી વિકાસયાત્રાના માધ્યમ દ્વારા રાજ્યભરમાં વિવિધ વિકાસકામોનું આયોજન કર્યું છે. છેલ્લા છ માસમાં રાજ્યભરમાં પ્રથમ તબક્કો તા. ૧૭-૧૮/૪/૨૦૧૫ તથા તા. ૨૪-૨૫/૪/૨૦૧૫ના રોજ તથા બીજો તબક્કો તા. ૨૯-૩૦-૩૧/૫/૨૦૧૫ તથા તા. ૫-૬-૭/૬/૨૦૧૫ દરમ્યાન યોજાયેલ બે તબક્કાઓમાં લોકાર્પણ અને ભૂમિપૂજનના રૂ. ૨૬૩૦.૨૪ કરોડના ૫૮૪૯ વિકાસકામો પૂર્ણ કર્યા છે, એમ પ્રવક્તા મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે.

પ્રવક્તા મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યું હતું કે, રાજ્યમાં આંતરમાળખાકીય સવલતોનું નિર્માણ થાય અને જનસુખાકારીના કામો વેગવાન બને તે માટે રાજ્યભરમાં ગતીશિલ ગુજરાતનો નવતર અભિગમ રાજ્ય સરકારે અપનાવીને ગુજરાતને ધબકતુ બનાવ્યું છે. રાજ્ય સરકારે વણથંભી વિકાસયાત્રાનો દોર બે તબક્કામાં હાથ ધરીને ૩૩ જિલ્લાઓમાં મહાનુભાવોના હસ્તે વિવિધ વિકાસ કામોના ભૂમિપૂજન અને લોકાર્પણો કર્યા છે. માત્ર છ માસના ટુંકાગાળામાં બે તબક્કામાં વિકાસકામો સંપન્ન કરીને રાજ્યની વણથંભી વિકાસયાત્રાને ખરા અર્થમાં ચરીતાર્થ કરી છે. પ્રથમ તબક્કામાં રૂ. ૧૫૯૦.૦૮ કરોડના ૧૩૬૭ વિકાસકામો અને બીજા તબક્કામાં રૂ. ૧૦૪૦.૧૬ કરોડના ૪૪૮૨ વિકાસકામો સંપન્ન કરીને છેવાડાના માનવીને જનસુખાકારીનો પરીચય કરાવ્યો છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યભરમાં બે તબક્કામાં ખાસ કરીને નવીન આઈ.ટી.આઈ.ના મકાનો, નવી ઓવરહેડ ટાંકીઓ, ખેત તલાવડીઓના વિકાસ કામો, માર્ગસુવિધા અંતર્ગત નવા રોડનું ભૂમિપૂજન, એપ્રોચ રોડ, સી.સી.રોડ, માઈનોર બ્રીજ, ટાઉનહોલ, કોમ્યુનિટી હોલ, આંગણવાડીના મકાનો, નદી પરના મોટા પુલો, આરોગ્ય ક્ષેત્રે આયુર્વેદિક દવાખાના, પી.એચસ.સી., શિક્ષણ ક્ષેત્રે

● અનુસંધાન પાન-૭ પર

# ચાવડાની ચતુરાઈ, બાપુની કર્મઠતા અને જશુભાના જોમ મારી સાથે છે : સૂર્યસિંહ

## જિલ્લા પ્રમુખ તરીકેનો ચાર્જ પ્રદેશ અગ્રણીઓની હાજરીમાં લેતા ડાભી

ગાંધીનગર, તા. ૧૭

ચાવડા પાસેથી ચતુરાઈ, બાપુની કર્મઠતા અને જશુભા પાસેથી જોમ મેળવી ચુક્યો છુ. પક્ષે મને જવાબદારી આપી છે તેને તમામ કાર્યકર્તાઓનો સાથ મેળવી નિભાવવાની છે તેમ નવનિયુક્ત જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ આજે ઉચ્ચાર્યા હતા.



ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના સંગઠ્ઠનના મજબુતીકરણ માટેના તમામ પ્રયાસો કરવાનો સંકલ્પ જાહેર કરતાં શ્રી ડાભીએ જણાવ્યું હતું કે એન.એસ.યુ.આઈ., યુથ કોંગ્રેસ અને તાલુકા જિલ્લાકક્ષાએ વિવિધ જવાબદારીઓ સંભાળી સંગઠ્ઠન માટે ઘણુ શીખવાનું મળ્યું છે.

શ્રી ડાભીએ જિલ્લામાં આવી રહેલી ચૂંટણીઓ માટે કાર્યકરોને તૈયાર રહેવા અને આ માટે અત્યારથી જ કામે લાગી જવા હાંકલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે હું કરીશ નહિ આપણે કરીશુ સાથે મળીને કરીશુ તે ભાવના સાથે ટીમ ગાંધીનગર બનાવીને પ્રજાના હૃદયમાં ફરીથી સ્થાન પ્રાપ્ત કરીશુ.

આ પ્રસંગે પ્રદેશ ઉપપ્રમુખ શ્રી લાખાભાઈ ભરવાડે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે પક્ષનું સંગઠ્ઠન આવનારી ચૂંટણીમાં આપણે ઘરે ઘરે પહોંચતુ કરવાનું છે. પક્ષની વિચારધારા ગરીબોનો વિકાસ રહી છે. રાજ્ય સરકારની નિષ્ફળતાઓ લોકો સુધી પહોંચાડવાની છે. કેન્દ્ર સરકાર ગુજરાત સાથે ન્યાય નહિ અન્યાય કરી રહી છે. તે વાત ઉજાગર કરવાની છે. કાર્યકર અને સંગઠ્ઠને સાથે મળી આ જવાબદારી વહન કરવાની છે.

તેમણે કહ્યું હતું કે ગુજરાતમાં ગરીબોનો અવાજ રૂંધાયો છે. તેમણે સરકાર દ્વારા કરવામાં આવતા ભ્રામક પ્રવાહનો પરપોટો લોકો સાથે વાતો કરીને ફોડી નાખવા હાકલ કરી હતી.

આ પ્રસંગે ડૉ. સી.જે. ચાવડા, શ્રી જશુભા રાણા, શ્રી કાસમબાપુ તીરમીઝીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા.

શ્રી સૂર્યસિંહ ડાભીએ ચાર્જ સંભાળ્યો ત્યારે પ્રદેશ નીરીક્ષકો શ્રી બળદેવભાઈ લુણી, શ્રીમતિ રમીલાબેન દેસાઈ, શ્રી જયપ્રકાશ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરની ગૃહિણીઓ હવે સસ્તા દરે શાકભાજી મેળવી શકશે

## ઉદ્‌ગમ ટ્રસ્ટના સ્વયંસેવકો ખેડૂતો પાસેથી સીધી જ શાકભાજીની ખરીદી કરી ગ્રાહકોને સસ્તી અને ઉચ્ચ ગુણવત્તાવાળી શાકભાજીનું વેચાણ કરશે



ગાંધીનગર, તા. ૧૭

શાકમાર્કેટમાં જઈ શાકભાજીના ઉંચા ભાવ સાંભળીને જ ચોંકી જતી ગૃહિણીઓ માટે સારા સમાચાર છે. ઉદ્‌ગમ ટ્રસ્ટ ખેડૂતો પાસેથી સસ્તા ભાવે ખરીદેલા શાકભાજીનું ગ્રાહકોને વેચાણ કરશે અને તે પણ કોઈ નફાની અપેક્ષા વિના. ઉદ્‌ગમ ટ્રસ્ટના સ્વંયસેવકો સેક્ટર-૮ના પ્લોટ નં. ૮૧૮ ખાતે દર રવિવારે સવારે રાહત દરે શાકભાજીનું વેચાણ કરશે. જેથી ગ્રાહક અને ખેડૂત બંનેને ફાયદો થાય અને વચેટીયા પદ્ધતિને નાબુદ કરી શકાય.

વાતાવરણમાં કોઈ બદલાવ આવે કે પેટ્રોલ-ડીઝલના ભાવો વધે ત્યારે સૌથી વધુ ચિંતા ગૃહિણીઓને થાય છે. આ બાબતોની અસર સીધી જ શાકભાજીના ભાવો પર થતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાય છે. જોકે સામા પક્ષે હકીકત એ પણ છે કે શાકભાજીનું ઉત્પાદન કરતા ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળતા નથી. ગ્રાહકોને મોંઘા ભાવે શાકભાજી ખરીદવી પડે છે. શાકભાજીના વેચાણમાં ફાયદો માત્ર વચેટીયાઓ જ લઈ જાય છે. દિવસો સુધી મહેનત કરી તથા ઉંચાભાવના બીયારણ

● અનુસંધાન પાન-૭ પર

# ૧૧ વર્ષ પહેલા શાંતિ એકસપ્રેસમાં લાગેલી આગની તપાસ સીબીઆઈ કરશે

## ગાંધીનગર રેલવે સ્ટેશનમાં બનાવ બન્યો હતો : સુપ્રિમ કોર્ટે દિલ્હી સીબીઆઈને તપાસના આદેશ આપ્યા : સીબીઆઈની ટીમ ગાંધીનગર આવી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર રેલવેસ્ટેશન ખાતે ૧૧ વર્ષ પહેલા શાંતિ એકસપ્રેસ ટ્રેનનો એક ડબ્બો સળગી ઉઠવાની ઘટના સર્જાઈ હતી રેલવે પોલીસે આગ દુર્ઘટનાની તપાસ કરી હતી. ઘટનાની ઊંડી તપાસ માટે સુપ્રિમ કોર્ટમાં કેસ પડકારવામાં આવતા સુપ્રિમ કોર્ટે સમગ્ર ઘટનાની તપાસ દિલ્હી સીબીઆઈને સોંપી દીધી છે. દિલ્હીથી સીબીઆઈની ટીમ ગાંધીનગર તપાસ માટે આવી પહોંચી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

૧લી નવેમ્બર ૨૦૦૪ના દિવસે બપોરના અરસામાં ગાંધીનગર રેલવે સ્ટેશને આવીને ઉભેલી શાંતિ એકસપ્રેસ ટ્રેઈનો એક ડબ્બો સળગી ઉઠયો હતો. આ સમગ્ર આગ દુર્ઘટના અંગે રેલવે પોલીસે તપાસ આરંભી હતી. એફએસએલએ રીપોર્ટ આપ્યો હતો કે બીડી સિગારેટના કારણે આગ લાગી હોઈ શકે. આ બનાવમાં કોઈ જાનહાની કે અન્ય દાઝયાની ઘટના બનવા પામી ન હતી. અકસ્માતે આગ લાગી હોવાનું બહાર આવ્યા બાદ રેલવે પોલીસે આ પ્રકરણમાં કલોઝર રીપોર્ટ પણ કરી દીધો હતો. આ કેસ સુપ્રીમ કોર્ટમાં લઈ જવાતા ઝીણવટભરી તપાસ માટે સુપ્રિમ કોર્ટે સમગ્ર મામલાની તપાસ દિલ્હી સીબીઆઈને સોંપી દીધી છે. આગ દુર્ઘટનાની તપાસ માટે દિલ્હીથી સીબીઆઈની ટીમ ગાંધીનગર આવી ચુકી હોવાનું જાણવા મળ્યું છે. વર્ષ ૨૦૦૨માં થયેલ ગોધરા કાંડ બાદ બે વર્ષ પછી ગાંધીનગરમાં બનેલી આ ઘટનાએ ભારે આશ્ચર્ય સર્જ્યું હતું.


'શિવરંજની' ગાંધીનગરનો વર્ષ ૧૫-૧૬નો
શ્રી શ્યામલ-સૌમિલ મુનશીનો ધમાકેદાર પ્રથમ કાર્યક્રમ
'વેણીમાં સદાબહાર ફૂલ'
તા. ૨૧/૬/૨૦૧૫, રવિવાર

ગૃપ - વિશેષ સહકાર રૂ. ૨૨૦૦/- પ્રતિ વ્યક્તિ (A,B અને C રોટેશનથી)
ગૃપ - A રૂ. ૧૨૦૦/- પ્રતિવ્યક્તિ (D થી L રોટેશનથી)
ગૃપ - B રૂ. ૬૦૦/- પ્રતિવ્યક્તિ (M થી રોટેશનથી)
તમામ કારોબારી સભ્યો પાસેથી તથા તા. ૨૧/૬/૧૫ના રોજ પ્રોગ્રામ સમયે ટાઉનહોલ પરથી સભ્યપદ મેળવી શકાશે.
વર્ષમાં ડાયરો, ગઝલ, ગુજરાતી સુગમ સંગીત, જુના ફિલ્મી ગીતો, ભક્તિ સંગીત જેવા કાર્યક્રમો
વાગ્મિન બૂચ - પ્રમુખ, શિવરંજની - મો. ૯૯૦૯૯ ૦૦૬૫૦ (સેક્ટર-૭/એ)

વેચવાની છે
૩-નિશાન સની ૨૦૧૩ મોડલ (XL) વેચવાની છે
સંપર્ક
મો. : ૯૦૯૯૯ ૯૭૩૫૬
મો. : ૯૯૦૯૦ ૦૦૦૦૧

Since 1986
અભય
ISO 9001:2008
• Corporate Gathering • Celebrations • Exhibitions • Marriage • Reception • Parties • Seminars
Y.A. Mansuri M. : 9824049503
Sanjay S. Shah P. Manubhai Medical
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE Plot No. E-192, 193, 194 B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar. Ph.: 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Arran Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Maans Nirdosh

શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને તેલ ઓન
હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી
પાન મુખવાસ
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

મળશે નહીં
ગાંધીનગરના પ્રખ્યાત કાન, નાક, ગળાના સર્જન
ડો. યશવંત છાટબાર
સેક્ટર-૧૭, ગાંધીનગર
બહારગામ જવાના હોવાથી તા. ૧૮/૬/૧૫ થી ૨૮/૬/૧૫ સુધી મળી શકશે નહિ.

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
KAMDHENU STEEL
STEEL TIGER
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪રી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Sleek THE KITCHEN SPECIALIST
Sleek's innovative storage ideas created more space in my kitchen
Rajdhani Hardware
G-10, Meghmalhar, Sector-11, Gandhinagar-382 011
Ph: 079-23229033, M-9825033740


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com